# Strategic Media Services

**Public Relations and Communication Firm**

| Publication | Navaline Sidha Samachar | Edition | Ahmedabad |
|---|---|---|---|
| Date | 13 Oct '09 | Page Number | 03 |

## ઓકટોબરમાં ભારત-ઓસ્ટ્રેલીયા વન-ડે સીરીઝ

# નીયો ક્રિકેટ તેની ડાયલ ઈન સેશન દ્વારા હરભજનસિંઘને તેના પ્રશંસકોની નજીક લઈ જશે

અમદાવાદ, તા.૧૨

નીયો સ્પોર્ટસ બ્રોડકાસ્ટ પ્રા. લિ. દ્વારા આજે તેની ભારતના ઉત્કૃષ્ટ ક્રિકેટર હરભજનસિંઘ સાથેની અમદાવાદ ખાતે ડાયલ ઈન સેશનની ઘોષણાકરી રહ્યું છે. તેનું જીવંત પ્રસારણ આજે સાંજે ૭ થી ૭.૩૦ વાગ્યા દરમ્યાન તાજેતરમાં એમ.એસ.ઓ. નેટવર્ક પર થશે. જેમાં હરભજનના પ્રશંસકો તેની સાથે ઈન્ટર એકટ કરી શકશે.



આ પ્રસંગે નીયો સ્પાર્ટસ બ્રોડકાસ્ટ પ્રા. લિ. માર્કેટીંગ એન્ડ કોમ્યુનીકેશન વડા શ્રી અભિષેક વર્માએ કહ્યું હતું કે ડાયેલ ઈન સેશન દ્વારા અમને અમારા દર્શકોએ તેમના મનપસંદ ક્રિકેટરો સાથે જોડવાની તક પ્રાપ્ત થઈ છે. જયારે જયારે સેલ્સ એન્ડ પ્લેટફોર્મના પ્રેસીડન્ટ એફિલીયેટ શ્રી અરૂણ પોદારે જણાવ્યું હતું કે ક્રિકેટ માટે ગુજરાત એક મહત્વપૂર્ણ માર્કેટ છે. અનેગુજરાતને અમારી બ્રાન્ડની નજીક લાવવા માટેનો સારામાં સારો માર્ગ અમારા બ્રાન્ડ એમ્બેસેડર હરભજનસિંઘને તેમની નજીક લઈ જવાનો છે. અમારા સહયોગી જી.ટી.પી.એલ. અમદાવાદ અમને ગુજરાતના મોટાભાગના વિસ્તારો સુધી પહોંચવા મટો ખુબ સાથ આપ્યો છે. ડાયલ ઈન સુવિધાથી અમને અમારા દર્શકો સુધી સીધા જ પહોંચવામાં મદદ મળશે અને ગુજરાતને રોમાંચક એવી ક્રિકેટની રમત સાથે જોડી શકાશે.

છેલ્લા કેટલાક સપ્તાહોથી એમએસઓ અને તેના વિવિધ ઓપરેટર્સ દ્વારા હરભજનની ડાયલ ઈન સેશન માટે નંબરો આપવા અને કોલ કરવા અંગેની માહિતી આપતા પ્રોમોઝ રજૂ કરવામાં આવી રહ્યા છે. હરભજનના પ્રોબો ફિલ્મો, સમાચારો, સ્થાનિક કાર્યક્રમા વગેરેની વચ્ચે દર્શાવવામાં આવતા હતા. તેમજ સ્થાનિક રેડીયો સ્ટેશન ઉપર પણ રજૂ કરાતા હતા.